| | | |
|---|---|---|
| **GJDH100002722023** | सत्यमेव जयते | Presented on : 21-04-2023<br>Registered on : 21-04-2023<br>Decided on : 17-07-2026<br>**Duration :**<br>**years, months, days**<br>**03 02 26** |

નામદાર સુપ્રીમ કોર્ટ ના **Suo Motu Writ(Cri) No. 1/2017** ના ચુકાદા તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર–**VI** ના પેરા–**179 A** અન્વયેના નોટિફિકેશન નંબર સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ.

**FORM-A**

## સંજેલીના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની અદાલત સમક્ષ.

ડૉ. ટી.આર.ધોણીયા, જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, સંજેલી
( ચુકાદા ની તા. ૧૭/૦૭/૨૦૨૬ )

**ફોજદારી કેસ નંબર–૨૩૫/૨૦૨૩**
**આંક–૯૪**

**એફ.આઈ.આર. ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સંજેલી પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૮૨૧૦૦૨૨૩૦૩૩૯/૨૦૨૨ |
| ગુન્હો | ઈન્ડીયન પીનલ કોડ ની કલમ–૩૬૫, ૩૪૩, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ |
| **ફરિયાદી** | **શ્રી સરકાર**<br>(મૂળ ફરીયાદી – મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલા<br>રહે. કુંભાર ફળીયુ, સંજેલી, તા. સંજેલી, જી.દાહોદ) |
| વિદ્વાન એપીપી શ્રી | એ.બી.તડવી |
| **આરોપી** | **(૧) ફારૂખ હમીદ અસલા ઉર્ફે અસ્લા**<br>રહે.સાતપુલ, અકશાશ મસ્જીદની સામે,<br>ગોધરા, તા.ગોધરા જી.પંચમહાલ |

| | |
|---|---|
| | **(૨) મહંમદહનીફ અહેમદસઈદ કલંદર**<br>રહે.મોહમંદી સોસાયટી, વેજલપુર રોડ,<br>ગોધરા તા.ગોધરા જી.પંચમહાલ<br>***આરોપી નં-ર વિરુધ્ધ કેસ અલગ કરવાનો હુકમ આંક-૮ર હેઠળ થયેલ છે.***<br>**(૩) સુલ્લીમ ઉર્ફે સુલેમાન અબ્દુલ કરીમ બદામ**<br>રહે. ગેની પ્લોટ, નદી કિનારે વેજલપુર રોડ,<br>ગોધરા તા.ગોધરા જી.પંચમહાલ<br>**(૪) ઈકબાલ અસલમ ચુંચલા**<br>રહે. મુસ્લિમ સોસાયટી, સાતપુલ ગોધરા,<br>તા.ગોધરા જી.પંચમહાલ |
| વિદ્વાન વકીલ શ્રી | એમ. એમ. પ્રજાપતિ, આર. બી. ભાવસાર |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ ૦૭/૧૧/૨૦૨૨ | ૦૭/૧૧/૨૦૨૨ |
| એફ.આઈ.આર./ ફરિયાદ ની તારીખ | ૩૦/૧૧/૨૦૨૨ |
| ચાર્જશીટ ની તારીખ | ૨૧/૦૪/૨૦૨૩ |
| તહોમતનામું/ પ્લી નોંધ્યાની તારીખ | ૧૭/૦૮/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યા ની તારીખ | ૩૧/૦૧/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યા ની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમ ની તારીખ જો હોય તો | ૧૭/૦૭/૨૦૨૬ |

**આરોપીઓની વિગત:-**

| આરોપી નંબર | આરોપી નામ | ધરપકડ ની તારીખ | જામીન પર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | ક્યા ગુના નો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવા માં આવ્યા કે દોષિત ઠરાવ્યા ? | શું સજા ? | ક્રીમી. પ્રો. કોડ ની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ફારૂખ હમીદ અસલા ઉર્ફે અસ્લા** | ૨૧/૦૨/૨૦૨૩ | ૨૨/૦૨/૨૦૨૩ | ઈન્ડીયન પીનલ કોડ ની કલમ–૩૬૫, ૩૪૩, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | **દોષિત** | **કલમ–૧૧૪** સાથે વાંચતાં **કલમ–૩૬૫** હેઠળના ગુના માટે **૩ વર્ષ ની સાદી કેદ** ની તેમજ **રૂ.૧૦૦૦/– દંડ,** **તેમજ કલમ–૩૨૩** હેઠળના ગુના માટે **૬ માસ ની સાદી કેદ** | –– |
| ૨ | **મહંમદ હનીફ અહેમદ સઈદ કલંદર** | –– | –– | –– | **આંક–૮૨ હેઠળ કરેલ હુકમ મુજબ** | –– | –– |
| ૩ | **સુલ્લીમ ઉર્ફે સુલેમાન અબ્દુલ કરીમ બદામ** | ૦૨/૦૩/૨૦૨૩ | ૦૩/૦૩/૨૦૨૩ | **–ઉપર મુજબ–** | **દોષિત** | **–ઉપર મુજબ–** | **–ઉપર મુજબ–** |
| ૪ | **ઈકબાલ અસલમ ચુંચલા** | ૦૨/૦૩/૨૦૨૩ | ૦૩/૦૩/૨૦૨૩ | **–ઉપર મુજબ–** | **દોષિત** | **–ઉપર મુજબ–** | **–ઉપર મુજબ–** |

## FORM-C

**ફરિયાદ પક્ષ, બચાવપક્ષ અને કોર્ટ ના સાહેદોનું લિસ્ટ :–**

**(એ) ફરિયાદપક્ષ તરફે :–**

**મૌખિક પુરાવા**

| સાહેદ નં | સાહેદનું નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| પીડબલ્યુ/૧ | મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલા | ફરીયાદી | ૧૫ |
| પીડબલ્યુ/ ૨ | મહેશભાઈ ધનાભાઈ પ્રજાપતિ | પંચ | ૨૦ |
| પીડબલ્યુ/ ૩ | દિલીપભાઈ અમરાભાઈ પ્રજાપતિ | પંચ | ૨૨ |
| પીડબલ્યુ/ ૪ | હલીમાબેન મુનાફભાઈ મોરાવાલા | સાહેદ | ૩૪ |
| પીડબલ્યુ/ ૫ | નિઝામભાઈ ગનીભાઈ મોરાવાલા | સાહેદ | ૩૮ |
| પીડબલ્યુ/ ૬ | રીઝવાનભાઈ ગનીભાઈ મોરાવાલા | સાહેદ | ૪૪ |
| પીડબલ્યુ/ ૭ | યાસીન ગુલામ ડોકીલા | સાહેદ | ૪૮ |
| પીડબલ્યુ/ ૮ | સલીમભાઈ કરીમભાઈ મોરાવાલા | સાહેદ | ૫૪ |
| પીડબલ્યુ/૯ | ડો. દિવ્યાબેન તેરસીંગભાઈ ચંદાણા | મેડીકલ ઓફીસર | ૫૭ |
| પીડબલ્યુ/૧૦ | ડો. કમલેશકુમાર જગતપ્રસાદ કેસરી | મેડીકલ ઓફીસર | ૬૪ |
| પીડબલ્યુ/૧૧ | મુકેશકુમાર મહેશભાઈ માલી | ત.ક.અ. | ૭૦ |
| પીડબલ્યુ/૧૨ | જયતિનકુમાર કનુભાઈ રાઠોડ | ત.ક.અ. | ૭૬ |

**(બી) બચાવપક્ષે જો સાહેદો જો હોય તો :-**

**મૌખિક પુરાવા**

| સાહેદ નંબર | સાહેદનું નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો :-**

**મૌખિક પુરાવા**

| સાહેદ નંબર- | સાહેદનું નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**ફરિયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :-**

દસ્તાવેજી પુરાવા

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૧ |
| ૩ | ઈન્જરી સર્ટીફીકેટ | ૫૮,૬૫ |
| ૪ | એકસ–રે રીપોર્ટ | ૬૬ |
| ૫ | કોલ રેકોર્ડીંગ્સ ડીટેલ્સ | ૭૧ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા:-**

દસ્તાવેજી પુરાવા

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

## -: ચુકાદો :-

(૧૭/૦૭/૨૦૨૬)

**ફરિયાદપક્ષના કેસની હકીકત :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૭-૧૧-૨૦૨૨ ના રોજ કલાક ૧૬-૦૦ વાગે મોજે સંજેલી ગામે આ કામના આરોપી મહંમદહનીફ અહેમદસઈદ કલંદર તથા અબ્દુલરજાક અહેમદસઈદ કલંદર નાની બહેન જમીલા ઉપર બડવા ધ્વારા વિધિ કરાવેલ હોય જેના કારણે આરોપી મહમંદહનીફ તથા આરોપી અબ્દુલરજાકનું આખુ ઘર બીમાર પડેલ છે અને આ બડવાનો કોન્ટેક ફરીયાદીએ કરી આપેલ હોય જેથી *તમામ માણસોને સાજા કરી આપો* તેમ કહીને આ કામના ફરીયાદીને આરોપી ફારુખભાઈ અહેમદભાઈ અસલા તથા આરોપી સુલ્લીમ ઉર્ફે સુલેમાન કરીમ બદામ તથા ઈકબાલ અસલમ ચુચાલાનાઓએ ગડદાપાટુનો માર મારી અપહરણ કરી તથા આરોપી મહંમદહનીફ તથા આરોપી અબ્દુલ રજાકનાઓએ ફરીયાદીને પોતાના ફાર્મ હાઉસ ઉપર ગેરકાયદેસર અટકાયતમાં રાખી માર મારી જમણા હાથની બંને આંગળીઓ ફ્રેકચર કરી તથા ડાબા પગે ગેબી માર મારી ઈજાઓ કરી એકબીજાની મદદગારી કરી, ગુનો કરેલ હોય તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદીએ સંજેલી પોલીસ મથકે આપતાં, પોલીસે ગુન્હો રજીસ્ટર કરી તપાસનાં અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય, ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૬૫, ૩૪૩, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

**કેસની ઈન્સાફી કાર્યવાહી ની પ્રક્રિયા :-**

**૨.** સદર ચાર્જશીટ જોઈ તપાસી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ જેના ફો.કે. નંબર-૨૩૫/૨૦૨૩ આપવામાં આવેલ અને આરોપીને સમન્સ બજતા તેઓ તેમના વિ. વ. શ્રી સાથે અદાલત સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરિતી સંહિતા ની કલમ-૨૦૭ નું પાલન કરી આરોપીને પોલીસ પેપર્સ ની નકલો પૂરી

પાડવામાં આવેલ. ત્યારબાદ **આંક–૬** થી આરોપી વિરુદ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ અને **આંક–૭ થી ૯** મુજબ આરોપીનું નિવેદન લેતા તેઓએ ગુનાનો ઈનકાર કરેલ હોય હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૩. ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરુદ્ધનો કેસ પુરવાર કરવા માટે ઉપરોક્ત ઠરાવેલ નિયત નમૂનામાં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. એ સિવાય અન્ય કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરેલ નથી. આમ ફરીયાદપક્ષ દ્વારા પોતાનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં રેકર્ડ પરના પુરાવાના આધારે ફોજદારી કાર્યરિતી સંહિતા ની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓ ઉપર ખોટો કેસ કરેલ હોવાનું અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. જયારે બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રી તથા આરોપીના વિ. વ. શ્રીની દલીલો સાંભળવામા આવેલ છે.

**<u>ન્યાયિક નિર્ણય માટેના મુદ્દાઓ:–</u>**

૪. ઉપરોક્ત હકીકતો તથા રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

**–: મુદ્દા :–**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૭–૧૧–૨૦૨૨ ના રોજ કલાક ૧૬–૦૦ વાગે મોજે સંજેલી મુકામે આ કામના ફરીયાદીને આરોપી ફારુખભાઈ અહેમદભાઈ અસલા તથા આરોપી સુલ્લીમ ઉર્ફે સુલેમાન કરીમ બદામ તથા ઈકબાલ અસલમ ચુચાલાનાઓએ ગડદાપાટુનો માર મારી અપહરણ કરી તથા આરોપી મહંમદ હનીફ તથા આરોપી અબ્દુલ રજાક એ ફરીયાદીને પોતાના ફાર્મ હાઉસ ઉપર ગેરકાયદેસર અટકાયતમાં રાખી, માર મારી, જમણા હાથની બંને આંગળીઓ ફ્રેકચર કરી તથા ડાબા પગે ગેબી મારી, ઈજાઓ કરી

એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૫, ૩૪૩, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**મુદ્દાઓના નિર્ણય જવાબ:–**

**૫.** ઉપરોક્ત મુદ્દા અંગેના નિર્ણય–જવાબ નીચે મુજબ છે જે અંગેના કારણોની ચર્ચા હવે પછી નીચે કર્યા મુજબ છે.

**(૧)** હકારાત્મક

**(૨)** આખરી હુકમ મુજબ.

**૬.** ઉપરોક્ત મુદ્દા અંગે ઠરાવેલ જવાબ માટે પુરાવાનું મૂલ્યાંકન અને નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**પુરાવાનું મૂલ્યાંકન:–**

**૭.** સૌપ્રથમ, આ કામે ફરીયાદપક્ષે પીડબલ્યુ/૧– **મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલાને આંક–૧૫** થી તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે દોઢેક વરસ પહેલા બનેલો. બનાવ સમયે હું મારા ઘરે હતો તે વખતે સાંજના ચારેક વાગ્યાના અરસામાં સુલ્લીમ કરીમ બદામ, ઈકબાલ ચુચલા તથા ફારૂકભાઈ હમીદભાઈ અસલા તથા બીજા એક ઈસમ જેના નામની મને ખબર નથી. **આ લોકો મને વાદળી કલરની ફોર વ્હીલ ગાડીમાં મને માર મારતાં ગાડીમાં ગોધરા લઈ ગયેલા અને કલંદરની વાડીએ રાખી મને ત્યાં ઉંધો લટકાવીને માર મારેલ અને મને જમણા હાથની આંગળીઓએ તથા ડાબા પગમાં ફ્રેકચર સહીતની ઈજાઓ કરેલ. આરોપીઓએ મને ચાર–પાંચ દિવસ કલંદરની વાડીએ ગોંધી રાખેલ. મને લોખંડની પાઈપ તથા હાથ પગથી લાતો મારીને માર મારેલ. અને ત્યારબાદ મને ગોધરાથી સંજેલી બસમાં બેસાડી તે વખતે મને ધમકીઓ આપેલ.** મે પ્રથમ સંજેલી સરકારી દવાખાનામાં સારવાર કરાવેલી અને ત્યાંથી વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ દાહોદ રીફર કરેલ.

બનાવની ફરીયાદ મે આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારા અંગુઠાનું નિશાન છે. આરોપીઓને હું ઓળખુ છું

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે સંજેલી ગામે મારું મકાન તળાવ ફળીયામાં આવેલ છે અને તળાવ ફળીયું એ રહેણાંક વિસ્તાર છે તથા ત્યાં મંદિરો આવેલ છે. એ વાત ખરી છે કે આ વિસ્તાર લોકોની અવરજવર વાળો ભરચક છે. એ વાત ખરી છે કે મારા ઘરની આજુબાજુ પણ બીજા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં વાહનનો નંબર કે વાહનની ઓળખ લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં વાહન કોણ ચલાવતું હતું કયા આરોપીઓ કયાં બેસેલ હતા અને મને કયાં બેસાડવામાં આવેલો તે હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે સંજેલી થી ગોધરા જવા માટે બે થી ત્રણ અલગ અલગ રસ્તાઓ છે. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં મને કયા રસ્તેથી સંજેલી થી ગોધરા લઈ ગયેલા તે હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં કલંદરની વાડી કયા ગામમાં આવેલ છે તેની પણ કોઈ વિગતો જણાવેલી નથી. એ વાત ખરી છે કે આ અગાઉ અમો કયારેય હનીફ હાજી કલંદરના ફાર્મ(વાડી) માં ગયેલ નથી. એ વાત ખરી છે કે રજાક કલંદર અને હનીફ કલંદર સાથે મારે કયારેય કોઈ વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં હું સંજેલી થી ગોધરા કેટલા સમયમાં પહોંચેલો તે હકીકત પણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ દરમ્યાન મને કોઈ બડવા પાસે લઈ ગયેલા હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં મને કોણ ગોધરા બસ સ્ટેન્ડ પર કયા રસ્તે કયા વાહનમાં મુકવા આવેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગોધરા બસ સ્ટેન્ડ પર મને કેટલા વાગે કઈ બસમાં બેસાડવા આવ્યા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગોધરા બસ સ્ટેન્ડ વસ્તી વાળો ભરચક વિસ્તાર છે. એ વાત ખરી છે કે ગોધરા મારી સાસરી છે એટલે બસ સ્ટેન્ડ વિસ્તારથી હું વાકેફ છું. એ વાત ખરી છે કે ગોધરા

બસ સ્ટેન્ડ ની ૧૦૦ મીટર ના અંતરે ડી.એસ.પી. હેડ કવાટર અને પોલીસ ચોકી આવેલ છે. એ વાત ખરી છે કે ગોધરા બસ સ્ટેન્ડ ની અંદર અને બહાર ટ્રાફીક પોલીસ ફરજ બજાવતા હોય છે. એ વાત ખરી છે કે મને બસ સ્ટેન્ડ પર મુકયા બાદ મે ત્યાં હાજર પોલીસ કર્મચારી કે પોલીસ અધિકારી કે પોલીસ ચોકી માં બનાવની કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે હું બસમાં બેસી આવ્યો તેની કોઈ ટીકીટ પોલીસ સમક્ષ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હું ગોધરાથી સંજેલી આવવા નીકળ્યો તે બાબતની મે મારા કુટુંબીજનો ને જાણ કરેલી. એ વાત ખરી છે કે મે મારા કુટુંબીજનોને જાણ કરેલી છે તે વિગત મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે સંજેલી બસ સ્ટેશનથી મારું ઘર આશરે દોઢ કી.મી. જેટલું દુર છે. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં સંજેલી બસ સ્ટેશનથી મારા ઘરે કઈ રીતે ગયો તે હકીકત જણાવેલ નથી. એ વાત ખરી નથી કે તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ મે કોઈ દવાખાનામાં સારવાર લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે સંજેલી સારવાર કરાવેલી. મે સંજેલી કયારે સારવાર કરાવેલી એ મને ઘ્યાન નથી. એ વાત ખરી છે કે મે ફરીયાદ આપ્યા બાદ સંજેલી પોલીસ મને સંજેલી બહાર કોઈ જગ્યાએ લઈ ગયેલ હોઈ અને પોલીસને મે કોઈ ખેતર કે બનાવવાળી જગ્યા બતાવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે મે સંજેલી અને દાહોદ સારવાર કરાવેલ ત્યાં ડોકટર સાહેબ સમક્ષ મને રજાકભાઈ કલંદર અને હનીફભાઈ કલંદર નાઓએ માર મારી ઈજા પહોંચાડેલ તેવું જણાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં આરોપીઓએ મને લોખંડની પાઈપ વડે ઈજા પહોંચાડેલી તેવું લખાવેલ નથી. એ વાત ખરી છે કે મોહંમદ હનીફ ફારૂક અસલા મારા સાળા થાય છે. એ વાતની મને ખબર નથી કે મારા સાળાએ તા.૭/૧૧/૨૦૨૨ ના રોજ તેઓને માર માર્યો હોય તેવી ફરીયાદ ગોધરા બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં મારા અને મારા સસરા વિરુઘ્ધ આપેલ. એ વાત ખરી છે કે મારા સાળાએ મારા વિરુઘ્ધ કરેલ ફરીયાદનો કેસ ગોધરા કોર્ટમાં ચાલે છે. એ વાત ખરી છે કે ગોધરા કોર્ટના કેસમાં હું તથા

મારા સસરા અને અબ્દુલ મુશતાક દુર્વેશ આરોપીઓ તરીકે છીએ. એ વાત ખરી છે કે હું અત્યારે ગોધરા જેલમાં પોકસો કેસ નં.૧૪/૨૦૨૩ ના કામે જયુડીશીયલ કસ્ટડીમાં છું અને આજે મને પોલીસ જાપ્તા સાથે ગોધરા સબ જેલ માંથી જુબાની માટે લાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે પોકસો કેસ ના ફરીયાદી તરીકે આ કામના આરોપી હનીફભાઈ સઈદભાઈ કલંદર છે. અને તેમાં ભોગ બનનાર રજાકભાઈ સઈદભાઈ કલંદરનો દીકરો છે. એ વાત ખરી છે કે મારો સાળો પણ મારી સાથે પોકસો કેસ માં જેલ માં છે. એ વાત ખરી છે કે તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ હું ગોધરા હતો ત્યારે મારા સાળાને માર માર્યા બાબતે મારા વિરુધ્ધ ગોધરા ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે ઈકબાલ અસલમ ચુચલા મારા વિરુધ્ધ પોકસો કેસ ચાલે છે તેમાં સાક્ષી છે. એ વાત ખરી છે કે સલ્લીમ કરીમ બદામ એ રજાકભાઈ કલંદર અને હનીફભાઈ કલંદરના મામાનો દીકરો થાય છે. એ વાત ખરી છે કે મારે પોકસો કેસના કામે સમાધાન કરવા માટે હનીફભાઈ કલંદર અને રજાકભાઈ કલંદર સાથે વાતચીતો પણ થયેલી. એ વાત ખરી છે કે હું ગોધરાના રહીશ યુનુસ મહંમદ યુસુફ ચુરમલીને ઓળખું છું અને તેમની સાથે મારે સારા સબંધ છે અને તેઓ સંજેલી મારા ઘરે પણ આવેલા છે. એ વાત ખરી નથી કે આ મહંમદ યુનુસભાઈ ગોધરા જેલમાં મારી મુલાકાત માટે આવતા અને કોર્ટમાં મુદૃતમાં પણ મળતાં. એ વાતની મને ખબર નથી કે આરોપી હનીફભાઈ કલંદરનાઓએ આ યુનુસભાઈ ચુરમલી વિરુધ્ધ ગોધરા કોર્ટમાં કેસ કરેલ છે. એ વાત ખરી છે કે મે સંજેલી પોલીસ સ્ટેશનમાં તા.૩૦/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આ ફરીયાદ મે કહેવાતા બનાવના ૨૩ દિવસ બાદ આપેલી. એ વાત ખરી છે કે મે બનાવની વિગત ફરીયાદ આપ્યા પહેલા મારા સગા સબંધી ઓને જણાવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે મારુ રહેવાનું મકાન સંજેલી તળાવ ફળીયા ખાતે આવેલ છે અને અમે સંયુકત કુટુંબમાં રહીએ છીએ. એ વાત ખરી છે કે મારા મકાનની બાજુમાં બીજા પણ રહેણાંક મકાનો આવેલા છે. એ વાત ખરી

છે કે મને જે ગાડીમાં લેવા આવેલા તે ગાડીનો નંબર તથા તે ગાડી કોણ ચલાવતું હતું તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી નં.૦૧ ફારૂકભાઈ હમીદભાઈ અસલા મારા સસરા થાય છે એટલે તેમને હું પહેલેથી ઓળખું છુ. એ વાત ખરી છે કે આ કામના આરોપી નં.૦૧ મારા સસરા એ મારી સાથે મારકુટ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપી નં.૦૧ નાએ મને ધકકામુકકી કરી ગાડીમાં બેસાડેલ. એ વાત ખરી છે કે અપહરણ બાબતની ફરીયાદ મારા સગા સબંધીઓએ આપેલ નહી.

૮. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૦ થી પીડબલ્યુ/૨ મહેશભાઈ ધનાભાઈ પ્રજાપતિ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આજથી આશરે દોઢેક વરસ અગાઉ હુ સંજેલી કુંભારવાડ નજીક માટીકામ કરતા હતા તે સમયે પોલીસ ધ્વારા મને બોલાવી મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલાનું ઘર પુછીને લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા મે પંચનામામાં મારી સહી કરેલ તે સીવાય બીજી કઈ હકીકત હું જાણતો નથી. મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે. જેમા પંચ નં.૦૧ તરીકે મારી સહી છે.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર કાગળમાં મારી સહી કરાવેલ. એ વાત ખરી છે કે પંચનામા વિશે હુ કાંઈ જાણતો નથી.

૯. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક : ૨૨ થી પીડબલ્યુ/૩ દિલીપભાઈ અમરાભાઈ પ્રજાપતિ** ને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આજથી આશરે એક વરસ અગાઉ હુ સંજેલી કુંભારવાડ નજીક માટીકામ કરતા હતા તે સમયે પોલીસ ધ્વારા મને બોલાવી લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા મે પંચનામામાં મારો અંગુઠો કરેલ તે સીવાય બીજી કઈ હકીકત હું જાણતો નથી.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર કાગળમાં મારા અંગુઠાનું નિશાન કરાવેલ. એ વાત ખરી છે કે પંચનામા વિશે હુ કાંઈ જાણતો નથી.

**૧૦.** ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક : ૩૪ થી પીડબલ્યુ/૪ હલીમાબેન મુનાફભાઈ મોરાવાલા**ને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ બપોરના બાર-એક વાગ્યાના અરસામાં બનેલો. બનાવમાં મારા પિતા ફારુકભાઈ હમીદભાઈ અસલા, સુલ્લીમભાઈ કરીમભાઈ બદામ, ઈકબાલ અસલમ ચુચલા તથા બીજો એક ઈસમ જેના નામની મને ખબર નથી. જેઓ અમારા ઘરે આવેલા અને મારા પતિને જણાવેલ કે મેલી વિદ્યા તમે કરેલ છે જેથી મારા પતિએ મારા પિતાને જણાવેલ કે હું બડવાને લઈને ગોધરા આવેલ નહી પરંતુ હનીફભાઈ ફારૂકભાઈ અસલા સંજેલી આવેલો અને કોઈ બડવાનો કોન્ટેકટ કરી આપો. જેથી મારા પતિએ કોન્ટેકટ કરી આપેલો અને તેમણે શુ વિધી કરાવેલ તે જાણતો નથી. તેવુ મારા પતિએ જણાવેલો. આ લોકો ફોર વ્હીલ ગાડીમાં આવેલા અને મારા પતિને જણાવેલ કે ગોધરા જમીલાબેન તથા બીજા માણસો બિમાર છે તેમને સાજા કરવાના છે જેથી તમો ગોધરા ચાલો તેવુ જણાવતા મારા પતિએ જવાની ના પાડતા આ લોકોએ જબરજસ્તી મારા પતિને ફોર વ્હીલ ગાડીમાં લઈ ગયેલા. ત્યારબાદ સાંજ પડતા મે મારા પતિને ફોન કરેલો કે તમો ઘરે કેમ નથી આવ્યા તો મારા પતિએ મને જણાવેલ કે મને હનીફ હાજી સઈદ કલંદરના ફાર્મ હાઉસ ઉપર લઈ ગયેલ છે અને હનીફ હાજી સઈદ કલંદર તથા અબ્દુલ રજાક સઈદ કલંદરનાઓએ મને માર મારેલ છે અને મારા પતિને લાકડીઓથી માર મારવાના કારણે જમણા હાથની આંગળીઓએ તથા ડાબા પગમાં ફ્રેકચર સહીતની ઈજાઓ કરેલ અને મારા પતિને તા.૧૨-૧૧-૨૦૨૨ ના રોજ સંજેલી બસ સ્ટેશને મુકી ગયેલા અને ત્યાર બાદ મારા પતિએ મને ફોન કરતાં હું મારા સગા સંબંધીઓને લઈને સંજેલી

બસ સ્ટેશને લેવા ગયેલી અને ત્યાર બાદ સંજેલી પોલીસ સ્ટેશનમાં ગયેલી અને ત્યાંથી પોલીસે સારવાર કરાવવા માટે લખી આપેલ હોય જેથી મારા પતિને પ્રથમ સંજેલી સરકારી દવાખાનામાં સારવાર કરાવેલી અને ત્યાંથી વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ દાહોદ રીફર કરેલ. બનાવની ફરીયાદ મારા પતિએ આપેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપીઓને હું ઓળખુ છું.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે સંજેલી ગામે મારું મકાન તળાવ ફળીયામાં આવેલ છે અને તળાવ ફળીયું એ રહેણાંક વિસ્તાર છે તથા ત્યાં મંદિરો આવેલ છે. એ વાત ખરી છે કે આ વિસ્તાર લોકોની અવરજવર વાળો ભરચક છે. સાહેદ જાતે જણાવે છે કે બનાવ વખતે બપોરનો સમય હોઈ કોઈ હાજર ન હતુ.એ વાત ખરી છે કે મારા ઘરની નજીક તળાવ આવેલુ છે. એ વાત ખરી છે કે તળાવમાં લોકો કપડા ધોવા માટે આવે છે. એ વાત ખરી છે કે આરોપીઓ જે ફોર વ્હીલ ગાડી લઈને આવેલા તેનો નંબર મને ખબર નથી. એ વાત ખરી છે કે મેં મારા પોલીસ રૂબરૂ નિવેદનમાં આ વાહન કોણ ચલાવતુ હતુ અને મારા પતિને વાહનમાં કઈ જગ્યાએ બેસાડેલ તે મેં લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ વખતે મારા પતિને મેં છોડાવવા માટે કોઈ પ્રયત્ન કરેલ હોય તેવુ મે મારા નિવેદનમાં લખાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે આ હનીફ હાજી સઈદ કલંદરનુ ફાર્મ હાઉસ કયા ગામે આવેલ છે તે મે મારા નિવેદનમાં લખાવેલ નથી કે કેમ ? એ વાત ખરી છે કે હનીફ ફારુક અસલા મારા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે મારા ભાઈ હનીફ ફારુક અસલા અને મારા પતિ હાલમાં ગોધરા જેલમાં છે. એ વાતની મને ખબર નથી કે મારા ભાઈ તથા મારા પતિ વિરુધ્ધ ગોધરા કોર્ટમાં પોકસો કેસ નં.૧૪/૨૦૨૩ નો ચાલે છે. એ વાત ખરી છે કે મારા ભાઈ હનીફ ફારુક અસલાએ મારા પતિ વિરુધ્ધ બીજી પણ એક ફરીયાદ કરેલ છે. સાહેદ જાતે જણાવે છે કે મારા પતિએ હાલની આ ફરીયાદ કરી

ત્યાર બાદ મારા પતિ ઉપર બીજી ફરીયાદો થયેલ છે. એ વાત ખરી છે કે આ કામના આરોપી ઈકબાલ અસલમ ચુચલા મારા પતિ વિરુધ્ધ ગોધરા કોર્ટમાં ચાલતા પોકસો કેસમાં સાક્ષી છે.એ વાતની મને ખબર નથી કે મારા પતિ વિરુધ્ધ પોકસો કેસમાં સમાધાન માટે હનીફ કલંદર અને રજાક કલંદર સાથે વાત થયેલી. એ વાત ખરી છે કે તા.૦૭–૧૧–૨૦૨૨ થી તા.૩૦–૧૧–૨૦૨૨ સુધી હું કે મારા પતિ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા નહી. એ વાત ખરી છે કે મારા પતિ તા.૧૨–૧૧–૨૦૨૨ ના રોજ સંજેલી અમારા ઘરે આવેલા તે પછી પણ બનાવ અંગે કોઈ ફરીયાદ કે જાહેરાત કરેલ નહી. સાહેદ જણાવે છે કે હું તા.૧૨–૧૧–૨૦૨૨ ના રોજ પોલીસ સ્ટેશનમાં કાચી ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે મારા પતિને આરોપીઓ ફોર વ્હીલ ગાડીમાં લઈ ગયેલા તે દિવસે સાંજે મેં મારા પતિ સાથે ફોન ઉપર વાત કરેલી.

**૧૧.** ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક : ૩૮ થી પીડબલ્યુ/૫ નિઝામભાઈ ગનીભાઈ મોરાવાલા**નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે બે–એક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે હું મારી ફ્રુટની દુકાને હતો. તે વખતે સાંજના ચારેક વાગ્યાના અરસામાં વાદળી કલરની એક ગાડીમાં મારા ભાઈ મુનાફભાઈને બેસાડીને ફારૂકભાઈ હમીદભાઈ અસલા અને તેમની સાથે બીજા ત્રણ ઈસમો હતા જેમના નામની મને ખબર નથી. પરંતુ જોયેથી હું તેઓને ઓળખી શકુ તેમ છુ. જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી. મુનાફભાઈને આ ઈસમો બડવો તે દેખાડયો છે તેમ કહીને ગાડીમાં બેસાડેલ અને મારા ભાઈને ગોધરા લઈ જઈને કલંદરની વાડીએ રાખી ચાર–પાંચ દિવસ માર મારેલ હતો અને ત્યાર બાદ મારા ભાઈને ગોધરા બસ સ્ટેશન છોડી દીધેલ અને ત્યાંથી મારો ભાઈ સંજેલી બસ સ્ટેશને આવેલો અને અમને ખબર પડતા અમો મારા ભાઈને સંજેલી બસ સ્ટેશને લેવા આવેલ અને મારાભાઈને ઘરે લઈ આવી સંજેલી સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલ અને મારા

ભાઈને પ્રથમ સંજેલી પોલીસ સ્ટેશનમાં ત્યાંથી સરકારી દવાખાનામાં સારવાર કરવવાનુ જણાવતા તેમને દવાખાનામાં દાખલ કરેલ. મારા ભાઈને જમણા હાથની આંગળી તથા પગમાં ઈજાઓ થયેલ હોઈ વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ દાહોદ રીફર કરેલ. બનાવની ફરીયાદ હલીમાબેને આપેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપીઓને હું ઓળખુ છું.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, હું સંજેલી ગામે જુના બસ સ્ટેશન પાસે ફ્રુટની લારી ચલાવુ છુ. એ વાત ખરી છે કે આ વિસ્તારમાં અનેક ફ્રુટની લારીઓ તથા શાકભાજીઓવાળા વેપાર ધંધો કરે છે. એ વાત ખરી છે કે જુના બસ સ્ટેશનવાળો વિસ્તાર લોકોની અવરજવર વાળો ભરચક છે અને ત્યાં વાહનોની અવર જવર રહેતી હોઈ ટ્રાફીકની સમસ્યા રહે છે. એ વાત ખરી છે કે મે મારા નિવેદનમાં વાદળી કલરની ગાડીનો કોઈ નંબર કે આ ગાડી કઈ કંપનીની છે તે લખાવેલ નથી. એ વાત ખરી છે કે મેં આ ગાડી જોઈ તેને રોકવાની કોઈ કોશીષ કરેલી નહી. એ વાત ખરી છે કે આ ગાડી મે જોયા બાદ અને મુનાફભાઈની પત્ની હલીમાબેનનો ફોન મારા ઉપર આવેલ ત્યાર બાદ પણ મેં પોલીસને કોઈ જાણ કરેલ નહી.એ વાત ખરી છે કે મુનાફભાઈને આ ઈસમો બડવો તે દેખાડયો છે તેમ કહીને ગાડીમાં બેસાડેલ અને મારા ભાઈને ગોધરા લઈ જઈને કલંદરની વાડીએ રાખી ચાર-પાંચ દિવસ માર મારેલ હતો. તે હકીકત મેં હલીમાબેન પાસે થી જાણેલી. એ વાત ખરી છે કે હું અને મુનાફભાઈ અલગ અલગ રહીએ છીએ. એ વાત ખરી છે કે હનીફભાઈ ફારુકભાઈ અસલાનાઓ મુનાફભાઈના સાળા થાય છે. એ વાત ખરી છે કે હનીફભાઈ અને મુનાફભાઈ વિરુધ્ધ ગોધરા કોર્ટમાં પોકસો એકટ હેઠળનો કેસ ચાલે છે અને તેઓ હાલમાં જેલમાં છે. એ વાતની મને ખબર નથી કે આ કેસમાં ઈકબાલભાઈ અસલમભાઈ ચુચલા સાક્ષી છે. એ વાત ખરી છે કે હું આરોપી નં.ર થી ૪ નાઓથી પરીચીત નથી. એ વાત ખરી છે કે મેં ગોધરાવાળો

બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે આ બનાવની ફરીયાદ મારા ભાઈએ તા.૩૦/૧૧/૨૦૨૨ ના રોજ આપેલી છે.

**૧૨.** ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક : ૪૪ થી પીડબલ્યુ/૬ રીઝવાનભાઈ ગનીભાઈ મોરાવાલા** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૭/૧૧/૨૦૨૨ના રોજ સાંજના આઠ વાગ્યાના અરસામાં હલીમાબેનનો ફોન આવેલ અને તેમણે જણાવેલ કે સાંજના ચારેક વાગ્યાના અરસામાં ફારુક હમીદ અસ્લા, સુલ્લીમ કરીમ બદામ, ઈકબાલ અસ્લમ ચુચલા તથા તેની સાથેનો એક ઈસમ જેના નામની ખબર નથી એ લોકો ઘરે આવેલા અને વાદળી કલરની ફોર વ્હીલ ગાડીમાં મુનાફભાઈને લઈ ગયેલા. લઈ જવાનુ કારણ કોઈક બડવો લઈને આવેલ હતા અને જેનો કોન્ટેક મુનાફભાઈએ હનીફભાઈને કરી આપેલ. જે બાબતે મુનાફભાઈને ફોર વ્હીલ ગાડીમાં બેસાડી ગોધરા ખાતે લઈ ગયેલા અને ત્યાં મુનાફભાઈને બે દીવસ ગડદાપાટુનો માર મારેલ અને મુનાફભાઈને જમણા હાથના આંગળામાં ફ્રેકચર સહીતની ઈજાઓ કરેલ હતી અને તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ રાત્રીના દસેક વાગ્યાના અરસામાં મુનાફભાઈ સંજેલી બસ સ્ટેશન આવેલા અને હલીમાબેને મને ફોનથી જણાવેલ કે મુનાફભાઈ સંજેલી બસ સ્ટેશન આવે છે જેથી તેમને હુ લેવા ગયેલો અને ત્યાં જોએલ તો મુનાફભાઈને હાથ પગમાં ઈજાઓ થયેલ હતી જેથી સંજેલી સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા ત્યાંથી વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પી. દાહોદ ખાતે રીફર કરેલ અને તા.૨૪/૧૧/૨૦૨૨ ના રોજ રજા આપેલી. અને સમાજ રાહે નિકાલ ન થતાં મુનાફભાઈએ સંજેલી પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.આરોપીઓને હું ઓળખુ છું.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે હુ અને ફરીયાદી મુનાફભાઈ અને હલીમાબેન અલગ-અલગ રહીએ છીએ. એ વાત ખરી છે કે મારુ અને મુનાફભાઈનુ રહેણાંકનુ મકાન

આશરે એક કીમી દુર છે. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં જણાવ્યા મુજબ તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ રાત્રીના દસ વાગ્યે હુ મુનાફભાઈને સંજેલી બસ સ્ટેશન લેવા ગયેલો તે પહેલાંની કોઈ હકીકતની મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે આરોપી નં.૧ અને ફરીયાદી મુનાફભાઈ વચ્ચે સાળા-બનેવીનો સંબંધ છે. એ વાત ખરી છે કે હનીફભાઈ અને મુનાફભાઈ વિરુધ્ધ ગોધરા કોર્ટમાં પોકસો એકટ હેઠળનો કેસ ચાલે છે અને તેઓ હાલમાં જેલમાં છે. એ વાત ખરી છે કે આ કેસમાં ઈકબાલભાઈ અસલમભાઈ ચુચલા સાક્ષી છે.

૧૩. ત્યારબાદ, ફરીયાદપક્ષે **આંક-૪૮ થી પીડબલ્યુ/૭ યાસીન ગુલામ ડોકીલા**નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૭/૧૧/૨૦૨૨ના રોજ સાંજના ચારેક વાગ્યાના અરસામાં હું કુંભાર ફળીયા થી તળાવ બાજુ ગયેલ હતો તે વખતે મુનાફ ગની મોરાવાલાને તેમના સસરા ફારુખભાઈ અસ્લા અને તેની સાથેના બીજા ત્રણેક માણસો ખેંચતાણ કરતા હતા.જેથી હું ત્યાંથી નિકળી ગયેલ. ત્યારબાદ બીજા દીવસે મુનાફભાઈના પત્ની હલીમાબેને જણાવેલ કે, મારા પપ્પા અને તેની સાથેના બે-ત્રણ ઈસમોએ મારા પતિને વાદળી કલરની ગાડીમાં ગોધરા મુકામે લઈ ગયેલા અને આ ઈસમોએ સંજેલીથી કોઈ બડવાને બડવો કરેલ છે કે કેમ તે બાબતે પુછપરછ કરવા માટે લઈ ગયેલા હતા. તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ સાંજના દસેક વાગ્યાના સુમારે મુનાફભાઈને સંજેલી બસ સ્ટેશનેથી સારવાર માટે સંજેલી સરકારી દવાખાને લઈ ગયેલા હું સરકારી દવાખાનામાં ગયેલો હતો. મુનાફભાઈને જમણા હાથની આંગળી તથા ડાબા પગ ઉપર ઈજા થયેલાનુ ડોકટરશ્રીએ જણાવેલ. અને મુનાફભાઈને વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પી. દાહોદ ખાતે રીફર કરેલ. બનાવની ફરીયાદ હલીમાબેને આપેલી.બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલ.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે સંજેલી ગામે કુંભાર ફળીયાની નજીકમાં તળાવ આવેલ છે અને તળાવ પર ચાર–પાંચ મંદીરો પણ છે. એ વાત ખરી છે કે કુંભાર ફળીયું અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે હલીમાબેનના ઘરની આજુબાજુ બીજા મકાનો છે. એ વાત ખરી છે કે મે હલીમાબેનના કહેવા મુજબની હકીકત લખાવેલ છે. સાહેદ જાતે જણાવે છે કે મે દવાખાનાવાળી હકીકત મે જોયેલી તે મુજબ લખાવેલ છે. એ વાત ખરી છે કે મુનાફભાઈ મારા મિત્ર છે. એ વાત ખરી નથી કે મુનાફભાઈની પત્નીના કહેવાથી હું ખોટી જુબાની આપુ છુ.

૧૪. ત્યારબાદ, ફરીયાદપક્ષે **આંક–૫૪ થી પીડબલ્યુ/૮ સલીમભાઈ કરીમભાઈ મોરાવાલા** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ સાંજના ચારેક વાગ્યાના અરસામાં બનેલો. બનાવમાં ફારૂખભાઈ અસલા અને તેની સાથે બીજા ત્રણેક ઈસમો સલીમભાઈ કરીમભાઈ બદામ, ઈકબાલભાઈ ચુચલા અને ત્રીજા ઈસમના નામની ખબર નથી. આ લોકો મુનાફભાઈના ઘરે આવેલા અને આરોપીઓએ જણાવેલ કે મુનાફભાઈના સાળા હનીફ અસલાએ વિધી કરાવવા માટે કોઈ સારો બડવો(ભુવા) હોય તો કોન્ટેકટ કરાવવાનુ કહેતા મુનાફભાઈએ કોન્ટેકટ કરાવી આપેલ અને મુનાફભાઈને આરોપીઓ જબરજસ્તીથી ઉઠાવીને ગોધરા ખાતે હનીફભાઈ કલંદરના ફાર્મ હાઉસ પર લઈ ગયેલા અને ત્યા જણાવેલ કે અમારા ઘરવાળા બધા બિમાર પડી ગયેલ છે તેઓને સાજા કરાવી આપવાનુ મુનાફભાઈને જણાવેલ. ત્યાર બાદ મુનાફભાઈને ગડદાપાટુનો માર મારી ગોંધી રાખેલ. માર મારનાર તથા ગોંધી રાખનાર હનીફભાઈ કલંદર અને તેમના ભાઈ રઝાક કલંદરનાઓ હતા. વાદળી કલરની ફોર વ્હીલ ગાડીમાં મુનાફભાઈને લઈ ગયેલા. મુનાફભાઈને જમણા હાથની આંગળીઓમાં ફ્રેકચર સહીતની ઈજાઓ થયેલી અને ડાબા પગમાં ઈજા થયેલ હતી. તા. ૧૨/૧૧/૨૦૨૨ ના રોજ મુનાફભાઈ ને આરોપી ઓએ છોડેલ

અને તેઓને સંજેલી સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા ત્યાંથી વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પી. દાહોદ ખાતે રીફર કરેલ. બનાવની ફરીયાદ મુનાફભાઈના પત્નીએ આપેલ. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.આરોપીઓને હું ઓળખુ છું.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે મુનાફભાઈ મારા કાકાના દીકરા થાય છે. એ વાત ખરી છે કે મુનાફભાઈ સંજેલી મુકામે તળાવ ફળીયામાં રહે છે અને હું રાજમહેલ રોડ ઉપર રહુ છુ. એ વાત ખરી છે કે સરતપાસમાં જણાવેલ હકીકતોની મને કોઈ જાત માહીતી નથી,સાહેદ જણાવે છે કે મુનાફભાઈના પત્ની હલીમાબેને હકીકત જણાવેલ છે. એ વાત ખરી છે કે હું આ કામના આરોપી નં.ર થી ૪ નાઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે આરોપીઓનુ ગોધરા મુકામે કોઈ ફાર્મ હાઉસ આવેલ હોય કે મેં જોયેલ નથી. એ વાત ખરી છે કે મુનાફભાઈ ઉપર ગોધરા મુકામે પોકસો એકટ હેઠળનો કેસ થયેલ છે અને તે કેસમાં મુનાફભાઈ જેલમાં રહેલ હતા. એ વાત ખરી છે કે મુનાફભાઈ ઉપર તેઓના સાળાએ પણ ફરીયાદ કરેલ હતી. સાહેદ જણાવે છે કે અદાવતમાં કરેલી.

૧૫. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક-પ૭ થી પીડબલ્યુ/૯ ડો. દિવ્યાબેન તેરસીંગભાઈ ચંદાણા** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હું તા.૧ર/૧૧/ર૦ર૪ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે સંજેલી સી.એચ.સી. ખાતે ફરજ બજાવતી હતી તે વખતે રાત્રીના પોલીસ યાદી વગર ૧૧:૩૦ કલાકે મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલા,ઉ.વર્ષ-૩૬, રહે.સંજેલી, તા.સંજેલી નાઓ સારવાર માટે આવેલ હતા જેમને ઈજા બાબતે પુછતા તેમણે જણાવેલ કે તા.૦૭/૧૧/ર૦રર થી તા.૧ર/૧૧/ર૦રર દરમ્યાન માથા, હાથ અને છાતીના ભાગમાં ડાબા પગે, જમણા હાથ ઉપર માર મારેલ હતો. અલી હાજી કલંદર,રઝાક અલી કલંદર તથા ચાર-પાંચ લોકોએ એક ઝુંપડીમાં પુરીને બાંધીને લાકડીથી માર માર્યો હતો. આ દર્દીને તપાસતા

નીચે મુજબની ઈજાઓ હતી. (૧) ડાબા કાન ઉપર સોજો અને દુખાવો હતો. (૨) ડાબા હાથની વચ્ચેની આંગળી ઉપર સોજો અને જકડાયેલ હતો. (૩) ડાબા હાથની કોણી ઉપર બહારની બાજુએ ૪ × ૪ સે.મી.નો સોજો અને ૩ × ૩ સે.મી.ચકામો હતો. (૪) ડાબી બાજુ પેટના ભાગમાં ૩ × ૨ સે.મી.નો ચકામો હતો. (૫) પીઠના ઉપરના ભાગમાં ૨ × ૨ સે.મી.નો ચકામો હતો. (૬) જમણા પગના અંદરના ભાગમાં ૩ × ૩ સે.મી.નો ચકામો હતો. (૭) જમણા પગના જાંઘના ભાગમાં ૩ × ૨ સે.મી.નો ચકામો હતો. (૮) જમણા પગના ઘુંટણના ૨ સે.મી.નીચે ૩ × ૨ નો ચકામો હતો. (૯) ડાબા પગના અંદરના ભાગમાં ૨ સે.મી. નીચે ૨ × ૨ નો ચકામો હતો. (૧૦) ડાબા પગના ઘુંટણના નીચે ૨ × ૨ સે.મી.નો ચકામો હતો. (૧૧) ડાબા પગના આગળના ભાગમાં ઘુંટણના નીચે ૨ × ૨ સે.મી.નો ચકામો હતો. (૧૨) ડાબા પગના(એંકલ) સાંધા ઉપર બહારની બાજુ ૩ × ૨ સે.મી.નો ચકામો હતો. (૧૩) જમણા પગના(એંકલ) સાંધા ઉપર સોજો હતો. ઉપરોકત તમામ ઈજાઓ ગંભીર પ્રકારની હતી અને લાઠી અને લોખંડના સળીયા/પાઈપ વડે થઈ શકે તેવા પ્રકારની હતી. આ ઈજાઓ દર્દી મારી પાસે સારવાર માટે આવ્યા તે વખતે એક થી દસ દિવસની અંદર ઈજા થયેલ હોવાનુ જણાવેલુ. મને અસલ સારવાર સર્ટીફીકેટ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં સારવાર કરનાર ડોકટર તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે ઉપરોકત ઈજાઓ ચોકકસ કયારે થયેલ તે હું અભિપ્રાય આપી શકુ નહી. એ વાત ખરી છે કે દર્દીને કોઈ મેડીકલ હીસ્ટ્રી આંક–૫૮ વાળા સર્ટીફીકેટમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે અલી હાજી કલંદર, રઝાક અલી કલંદર તથા ચાર–પાંચ લોકોએ એક ઝુંપડીમાં પુરીને બાંધીને લાકડીથી માર મારેલ હોવાની હકીકત આંક–૫૮ વાળા સર્ટીફીકેટમાં દર્શાવેલ નથી.

૧૬. ત્યારબાદ, ફરીયાદપક્ષે **આંક–૬૪ થી પીડબલ્યુ/૧૦ ડો. કમલેશકુમાર જગતપ્રસાદ કેસરી** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૩/૧૧/૨૦૨૨ ના રોજ અમો દાહોદ જનરલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમીયાન રાત્રીના ૦૧.૫૩ કલાકે પોલીસ યાદી વગર સી.એચ.સી.સંજેલી થી રીફર મેમા સાથે ઈજાપામનાર મુનાફ ગનીફ મોરાવાલાનાઓ તેમના સગા સાથે સારવાર માટે દાહોદ જનરલ હોસ્પીટલમાં આવેલા. આ દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે તેમને તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ તેમને સંજેલી કુંભાર ફળીયાથી નીચે જણાવેલ માણસોએ અપહરણ કરીને સાંજના ૦૪ વાગ્યે લઈ ગયેલા તથા તેમને પગ, મુકકા તથા લાકડી વડે માર મારવામાં આવેલ. અપહરણ કરનારના નામ (૧) ફારૂખ અબ્દુલ હમીદ અસ્લા (૨) સલીમ કરીમ (૩) ઈકબાલ અસલમ ચુચલા ના નામ જણાવેલા, ઈજાપામનાર મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલાને તપાસતા દર્દી સભાન અવસ્થામાં હતા અને તેઓને નીચે મુજબની ઈજાઓ હતી. ૧. તેમના આખા શરીર ઉપર દુ:ખાવો થતો હતો. ૨. ડાબા પગ ઉપર સોજા સાથે દુખાવો થતો હતો. ૩. ડાબા હાથના ઉપરના તેમજ અંદરના ભાગે સોજા સાથે ચામડી છોલાઈ ગયેલી/ઘસાઈ ગયેલી હતી જેને માપ ૩ × ૧.૫ ઈંચ ની હતી. ૪. જમણા હાથના વચ્ચેની આંગળી ઉપર સોજા સાથે દુખાવો થતો હતો.૫. ડાબી બાજુના પીઠના ઉપર તથા બહારના ભાગે (સ્કેપ્યુલર રીઝન) સોજા સાથે ચામડી ઘસાઈ ગયેલી હતી જેનુ માપ ૧ × ૨ ઈંચ હતી. આ દર્દીને એકક્ષરે રીપોર્ટ મુજબ તેમના જમણા હાથના ત્રીજી તેમજ ચોથી આંગળીના આગળના ભાગે ભાંગી ગયેલ હતી. આ દર્દીને તા.૧૩.૧૧.૨૦૨૨ ના રોજ અંદરના દર્દી તરીકે દાખલ કરી ડો.કમલેશભાઈ ગોહીલ સર્જન ઝાયડસ હોસ્પીટલ દાહોદના સેજા હેઠળ દાખલ કરેલ અને તા.૨૪.૧૧.૨૦૨૨ ના રોજ રજા આપવામાં આવેલી. આ ઈજાઓ પૈકી ઈજા નં.૪ ગંભીર પ્રકારની હતી જયારે અન્ય ઈજાઓ સાદા પ્રકારની હતી અને સખત

અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. આ ઈજા પાંચ થી છ દિવસ પહેલાની હતી. આ ઈજા ત્રણ થી ચાર અઠવાડીયામાં સારી થઈ શકે તેવી હતી. આ મુજબનુ સારવારનુ સર્ટી. મે આપેલુ તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. હું ઈજાપામનારનો એકક્ષરે રીપોર્ટ સાથે લાવેલ છુ નામદાર કોર્ટમાં રજૂ કરુ છુ જે એકક્ષરે રીપોર્ટમાં ઈજા નં.૪ ફ્રેકચર થયેલ હતી.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે હું ઓર્થોપેડીક સર્જન નથી. એ વાત ખરી નથી કે આ દર્દીને મે જાતે કોઈ સારવાર આપેલ નથી. એ વાત ખરી છે કે દર્દી ધ્વારા જણાવવામાં આવતી હિસ્ટ્રીની હકીકતો સત્યથી અલગ હોઈ શકે. એ વાત ખરી નથી કે દર્દીએ બતાવેલ ઈજા નં.૧ કાલ્પનીક હોઈ શકે. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિત સખ્ત પદાર્થ સાથે અથડાય તો ઈજા નં.૧,૨,૩ જેવી ઈજા સંભવી શકે. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત પથ્થરાળ જગ્યાએ ઉપર નીચે પડે તો પંજાના ભાગે પથ્થર અથડાય તો ઈજા નં.૪ જેવી ઈજા સંભવી શકે. એ વાત ખરી છે કે દર્દીને થયેલ ઈજાઓ પાંચ થી છ દિવસ પહેલાની હોવાનુ હું દર્દીના કહેવા મુજબ જણાવુ છુ.

**૧૭.** ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક–૭૦ થી પીડબલ્યુ/૧૧ મુકેશકુમાર મહેશભાઈ માળી** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૩૧/૧૧/૨૦૨૨ ના રોજ અમો સંજેલી પો.સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દીવસે ફરીયાદી મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલાનાઓએ મારી રૂબરૂ આવી ફરીયાદ હકીકત જાહેર કરતા જે ફરીયાદ મે તેમના લખાવ્યા મુજબ લખી લઈ આ ફરીયાદ પી.એસ.ઓ. હંસાબેન ચંદુભાઈને ગુનો દાખલ થવા માટે આપતા તેમણે સંજેલી પો.સ્ટે. ના ગુ. ૨. નં. ૩૩૯/૨૦૨૨ થી ઈ.પી.કો. ની કલમ– ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૩૬૫, ૩૪૩, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી સદર ગુનાની તપાસ મારી તરફ ડેપ્યુટ થતા આ કામે ગુન્હાવાળી જગ્યાએ જઈ ગુનાવાળી જગ્યાનુ પંચોની

હાજરીમાં **આંક–૨૧** વાળુ પંચનામુ કરેલ. ત્યારબાદ સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના મારી રૂબરૂના લખી લીધેલ અને આ ગુના કામે ફરીયાદીના મોબાઈલની સી.ડી.આર. રીપોર્ટ કઢાવેલ અને જે મે આ કામે તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ અમો રજા ઉપર જતા આ ગુનાની આગળની તપાસ ઈન્ચાર્જ પી.એસ.આઈ.શ્રી. આર.એ.પટેલનાઓએ સંભાળેલી.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદ મુજબ ફરીયાદનુ સ્થળ કુંભાર ફળીયા સંજેલી દર્શાવેલ છે. એ વાત ખરી છે કે કુંભાર ફળીયુ રહેણાંક વિસ્તાર છે. એ વાત ખરી છે કે તપાસના કામે કુંભાર ફળીયામાં રહેતા સ્થાનીક રહીશોના નીવેદનો મે લીધેલ નથી. સંજેલી ગામના વિસ્તાર ભૌગોલીક પરીસ્થિતી થી હું વાકેફ છુ. એ વાત ખરી છે કે કુંભાર ફળીયાથી ગોધરા જવુ હોય તો સંજેલી મેઈન બજારમાંથી પસાર થવુ પડે જે વિસ્તાર આશરે દોઢ થી બે કી.મી.જેટલો છે. એ વાત ખરી છે કે સંજેલી મુખ્ય બજારમાં ઘણી બધી દુકાનો આવેલી છે અને અનેક જગ્યાએ સી.સી.ટી.વી.કેમેરા લગાવેલ છે. એ વાત ખરી છે કે તપાસના કામે અમોએ ફરીયાદમાં દર્શાવેલ વાદળી કલરની ફોર વ્હીલની ઓળખ કરવા માટે કોઈ સી.સી.ટી.વી તપાસેલ નથી કે કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે તપાસ દરમ્યાન અમોએ હનીફ કલંદરના ગોધરા મુકામે આવેલ ફાર્મ ની મુલાકાત લીધેલ નથી અને પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં દર્શાવેલ મોબાઈલ નં.૯૦૯૯૪ ૨૦૨૦૦ વાળુ સીમ કાર્ડ કોના નામ પર છે અને તેનો ઉપયોગ કોણ કરે છે તે બાબતે કોઈ પુરાવા મેળવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ આ કામે ફરીયાદીના પત્ની, તેણીના ભાઈઓના નીવેદનો સાહેદ તરીકે લીધેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં ''અમારે સમાજ રાહે નીકાલની વાતચીત ચાલુ હતી જેથી અમોએ ફરીયાદ જે તે વખતે કરેલ ન હતી'' એવી હકીકત જાહેર કરેલ છે. એ વાત

ખરી છે કે સદર સમાજ રાહે નીકાલની વાતચીત બાબતે અમોએ સમાજના કોઈ પંચના નીવેદન લીધેલ નથી.

૧૮. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે **આંક–૭૬ થી પીડબલ્યુ/૧૨ જયતિનકુમાર કનુભાઈ રાઠોડ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૨૩ ની સાલમાં અમો સંજેલી પો.સ્ટેશનમાં ઈન્ચાર્જ પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન સંજેલી પો.સ્ટે.એ.ગુ.ર.નં.૩૩૯/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૨૩,૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૩૬૫,૩૪૩,૧૧૪ મુજબ ગુનો દાખલ કરી સદર ગુનાની તપાસ મારી અગાઉના પી.એસ.આઈ.શ્રી.એમ.એમ.માળી તથા શ્રી.આર.એ.પટેલનાઓએ કરેલી અને તેમની બદલી થતા આ ગુના કામની તપાસ મારી તરફ ડેપ્યુટ થતા આ ગુના કામે અમોએ આરોપી નં.ર થી ૪ નાઓને અટક કરી રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરેલી અને આરોપીઓ વિરુધ્ધ પુરપો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીઓને હું ઓળખુ છુ.

આરોપીપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે મને તપાસ મળતા મે તપાસના કાગળો વંચાણે લીધેલા. એ વાત ખરી છે કે આરોપી નં.ર થી ૪ ને અટક કરવા અને ચાર્જશીટ કરવા સિવાય અન્ય કોઈ તપાસ કરેલ નથી.

**પુરાવાનું મૂલ્યાંકન અને નિર્ણય માટેના કારણો :–**

૧૯. ફોજદારી ન્યાયશાત્રનો સિધાન્ત મૂળભૂત રીતે ફરિયાદપક્ષ પર જવાબદારી મૂકે છે કે તેણે આરોપી વિરુદ્ધનો કેસ શંકાઓથી પર સાબિત કરવો અને જો એમ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય તો આરોપી તકસીરવાર ઠરી શકે નહી. આ મૂળભૂત સિદ્ધાંતને ધ્યાનમાં રાખી અને કેસમાં રજૂ થયેલ પુરાવાની વિચારણા કરવાની રહે છે. આ કામે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા એ નોંધવું

આવશ્યક છે કે પુરાવાનું મૂલ્યાંકન કરવા અંગે કાયદામાં કોઈ ચોક્કસ માર્ગદર્શિકા નથી પરંતુ દરેક કેસ અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન એક સામાન્ય બુદ્ધિ ધરાવતા વ્યક્તિની દ્રષ્ટિ એ કાયદાકીય પરિપ્રેક્ષ્યમાં કરવાનું રહે છે. નામદાર સુપ્રિમ કોર્ટે **લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી ૨૦૧૩ (૪) એસ.સી.સી. ૫૫૭** તેમજ **ભરવાડા ભોગીનભાઈ હિરજીભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૮૩ (૩) એસ.સી.સી. ૨૧૭** વાળા ચુકાદાથી પુરાવાના મુલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઈ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એક જ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહિં. મોટાભાગે, શબ્દશ: પુન: ઉચ્ચારણ કોઈ પણ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું ઘણુ મુશ્કેલ હોય છે. જેથી પુરાવામાં ક્યારેક સામાન્ય વિરોધાભાસ જોવા મળતો હોય છે. પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણ દોષને અસર કરતા ન હોય અને ક્ષુલ્લક પ્રકારના હોય તે ફરિયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના પણ રહે છે. પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે અદાલતે તે ધ્યાને પણ લેવાના હોય છે. વધુમાં, ક્રિમિનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનું જ હિત જોવાનું નથી. પરંતુ, ગુન્હામાં ભોગ બનનાર વ્યકિત અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. ૧૦૦ (સો) દોષિત ભલે છુટી જાય પરંતુ નિર્દોષ માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહિ તે સિધ્ધાંત ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે એ બાબત પણ ધ્યાને

લેવી જોઈએ કે, દોષિત માણસ ગુન્હામાંથી છૂટી પણ ન જાય. આમ, નિર્દોષ વ્યકિત દાષિત ન ઠરે તેમજ દોષીત વ્યકિતને પણ અયોગ્ય રીતે લાભ ન મળે તે જોવાની અદાલતની પવિત્ર ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટે **અંબિકા પ્રસાદ વિ. સ્ટેટ (દિલ્હી) ૨૦૦૦ (એસ.સી.સી.) ૬૪૬** વાળા ચૂકાદાથી પ્રતિપાદિત કરેલ છે. ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનીય અને નિ:શંક પુરાવા રજુ કરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી. પરંતુ ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનીય જણાતા હોય તો ક્ષુલ્લક કે નગણ્ય વિરોધાભાસ ને વધુ પડતું મહત્વ આપી શકાય નહીં.

**૨૦.** ઉપરોક્ત સુવર્ણ સિદ્ધાંતો ને નજર સમક્ષ રાખી પ્રસ્તુત કેસમાં રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આરોપીઓ ઉપર ઈન્ડિયન પીનલ કોડ ની કલમ-૩૬૫ વિગેરે મુજબના ગુનાનું તહોમત મૂકવામાં આવેલ છે જેથી સદર ગુનાના આવશ્યક તત્વો ધ્યાને લેવા આવશ્યક બને છે.

**365. Kidnapping or abducting with intent secretly and wrongfully to confine person.—**

Whoever kidnaps or abducts any person with intent to cause that person to be secretly and wrongfully confined, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**343. Wrongful confinement for three or more days.—**

Whoever wrongfully confines any person for three days, or more, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**325. Punishment for voluntarily causing grievous hurt.—**

Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt, shall be punished with

imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**S.323 Punishment for causing voluntary hurt.**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**S.114 Abettor present when offence is committed.**

Whenever any person who if absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

**૨૧.** ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કલમ– ૩૬૫ ના ગુના માટે કોઈ પણ વ્યક્તિ ને ત્યારે જ દોષિત ઠરાવી શકાય જ્યારે કોઈ વ્યક્તિને ગેરકાયદેસર અટકાયત માં રાખવાના અથવા ગુપ્ત સ્થળે રાખવાના ઈરાદે કોઈ વ્યક્તિનું અપહરણ અથવા અપનયન કરવામાં આવે. પ્રસ્તુત કેસમાં ફરિયાદી પોતે જ ભોગ બનનાર છે તેથી તેની જુબાની અતિ મહત્ત્વ ની બની રહે છે તેઓ જુબાની માં એવું સ્પષ્ટ જણાવે છે કે આરોપીઓ તેને સંજેલી મુકામે આવીને જમીલાબેનના પરિવારના સભ્યો બીમાર પડેલ હોય તેઓને સાજા કરી આપવા માટે જબરદસ્તીથી ગાડીમાં બેસાડીને લઈ ગયેલ હતા. તે સમયે ત્યાં ફરિયાદીના પત્ની હલીમાબેન (પીડબલ્યુ–૪ ) ઘરે હાજર હોય છે તેમજ અન્ય સાહેદ (પીડબલ્યુ –૫)નિઝામભાઈ ગનીભાઈ પોતાની ફ્રૂટ ની લારી એ થી બનાવ જોયેલ છે. હવે પીડબલ્યુ ૪ ની જુબાની લક્ષમાં લેતા તેણી પણ ફરિયાદ હકીકત ને અનુરૂપ સોગંદ પર પુરાવો આપેલ છે. ઉપરાંત પીડબલ્યુ ૫ પણ ફરિયાદ હકીકત ને અંશતઃ પણ જરૂરી સમર્થન પ્રાપ્ત થાય એવો પુરાવો સોગંદ પર આપે છે. જ્યારે બચાવપક્ષે કરેલ ઊલટ તપાસ લક્ષમાં લેવામાં આવે તો બચાવ પક્ષે સૌપ્રથમ આ કામે વિલંબ થી ફરિયાદ કરેલ હોય અને તે બાબતે કોઈ ખુલાસો

રેકર્ડ પર કરેલ ન હોવાનો બચાવ ઉપસ્થિત કરેલ છે. આ કામે આક્ષેપિત બનાવ તા. ૦૭/૧૧/૨૦૨૨ થી તા. ૧૨/૧૧/૨૦૨૨ દરમિયાન બનેલ છે જે અંગે ની ફરિયાદ તા. ૩૦/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આમ તા.૦૭/૧૧/૨૦૨૨ થી ગણવામાં આવે તો પણ ૨૩ દિવસ મોડી ફરિયાદ કરેલ હોવાનું અને કોઈ ખુલાસો રેકર્ડ પર ન હોવાની આરોપી પક્ષ ની રજૂઆત છે. આ સંબંધે આંક-૧૬ વાળી ફરિયાદ લક્ષમાં લેવામાં આવે તો તેમાં તા. ૨૪/૧૧/૨૦૨૨ સુધી દવા સારવાર માં રાખેલ અને બનાવ બાબતે સમાજ રાહે નિકાલ ની વાતચીત ચાલુ હોવાથી જે તે વખતે ફરિયાદ આપેલ ન હોવાનો ખુલાસો કરવામા આવેલ છે. આ તબક્કે એવી નોંધ લેવી આવશ્યક જણાય છે કે આ કામના આરોપીઓ અને ફરિયાદી એકબીજા ના નજીક ના સગા છે આરોપી નંબર-૧ ફરિયાદીના સસરા છે. જેથી સામાજિક નિકાલ થવાની રાહ જોયા બાદ હાલની ફરિયાદ કરવામાં આવેલ હોવાનું ફરિયાદપક્ષ નું કથન છે. દરેક કિસ્સા માં મોડી ફરિયાદ થવી એ ખોટી ફરિયાદ હોવાનું તારણ કાઢી શકાય નહીં. નામદાર સુપ્રીમ કોર્ટ ના **State Of Himachal Pradesh vs Gian Chand, 2001 SCC (6) 71** -ચુકાદામાં કરેલ અવલોકન બંધ બેસતું જણાય છે જે નીચે અનુસાર છે:-

> *12. Delay in lodging the FIR cannot be used as a ritualistic formula for doubting the prosecution case and discarding the same solely on the ground of delay in lodging the first information report. Delay has the effect of putting the court on its guard to search if any explanation has been offered for the delay, and if offered, whether it is satisfactory or not. If the prosecution fails to satisfactorily explain the delay and there is a possibility of embellishment in the prosecution version on account of such delay, the delay would be fatal to the prosecution. However, if the delay is explained to the satisfaction of the court, the delay cannot by itself be a ground for disbelieving and discarding the entire prosecution case…"*

**૨૨.** વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ ના **Ravinder Kumar v. State of Punjab 2001 (7) SCC 690** ના ચુકાદા માં પણ એવું ઠરાવેલ છે કે કેસ ના સંજોગો આધારિત ફરિયાદ કરવામાં થયેલ વિલંબના કારણો ધ્યાને લેવા જોઈએ –

> *"14. when there is criticism on the ground that FIR in a case was delayed the court to look at the reason why there was such a delay. There can be a variety of genuine causes for FIR lodgment to get delayed. Rural people might be ignorant of the need for informing the police of a crime without any lapse of time. This kind of unconversantness is not too uncommon among urban people also. They might not immediately think of going to the police station. Another possibility is due to lack of adequate transport facilities for the informers to reach the police station. The third, which is a quite common bearing, is that the kith and kin of the deceased might take some appreciable time to regain a certain level of tranquillity of mind or sedativeness of temper for moving to the police station for the purpose of furnishing the requisite information. Yet another cause is, the persons who are supposed to give such information themselves could be so physically impaired that the police had to reach them on getting some nebulous information about the incident."*

**૨૩.** આમ ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંતો લક્ષમાં લેવામાં આવે તો હાથ પર ના કેસ માં પણ એ હકીકત ની વિચારણા કરવી આવશ્યક છે કે આ અદાલત ના હકૂમત હેઠળ ના પ્રાદેશિક વિસ્તારમાં આજના સમયે પણ પંચ પ્રથા ચાલે છે અને પંચ દ્વારા જ લોકો ની તકરારો નો નિકાલ કરવામાં આવે છે અને નિકાલ ન થાય તો જ કાનૂની પ્રક્રિયા નો સહારો લેવામાં આવે છે. એવા સંજોગોમાં ગુનાહિત ઘટના બને એટલે તરત જ તે પોલીસ સ્ટેશન માં રિપોર્ટ કરવામાં આવે એવી અપેક્ષા રાખવી ન્યાયોચિત નથી. ઉપરાંત ફરિયાદ માં પણ સમાજ રાહે નિકાલ થયેલ ન હોવાથી અંતે ફરિયાદ કરેલ હોવાનો ખુલાસો કેસ ની હકીકતો અને સંજોગો આધારિત વાજબી ગણી શકાય તેમ છે. નામદાર સુપ્રીમ કોર્ટ પણ આ પરિસ્થિતી ને સંજ્ઞાન માં લીધેલ હોવાનું ઉપરોક્ત અવલોકન થી વાંચી શકાય છે. વધુમાં આ કામે તા. ૦૭/૧૧/૨૦૨૨ ના રોજ ફરિયાદી ને બળજબરી થી લઈ ગયા બાદ તેને તા. ૧૨/૧૧/૨૦૨૨ ના રોજ છોડવામાં આવેલ છે અને તા.

૧૨/૧૧/૨૦૨૨ ના દિવસે જ ફરિયાદી સારવાર માટે દવાખાને દાખલ થાય છે ત્યથી તા. ૨૪/૧૧/૨૦૨૨ ના રોજ તેને રજા આપવામાં આવેલ છે. ઉપરાંત ફરિયાદી અને આરોપીના નજીકના સગા હોવાની હકીકત સાથે વિલંબિત ફરિયાદ નો ખુલાસો ધ્યાને લેવામાં આવે તો તે સંતોષકારક જણાય છે. તેથી ફરિયાદ કરવામાં થયેલ વિલંબ પ્રસ્તુત કેસ માટે ઘાતક પુરવાર થતો હોય એવી દલીલ સાથે હું સહમત નથી.

**૨૪.** ત્યારબાદ બચાવપક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે આ કામના ફરિયાદી વિરુદ્ધ આરોપી નંબર–૧ એ ફરિયાદ કરેલ હોય તેમજ આરોપી વિરુદ્ધ થયેલ પોક્સો કેસ (૧૪/૨૦૨૩)માં આરોપી નંબર–૪ એ સાક્ષી હોય એવી રીતે ફરિયાદી અને આરોપી વચ્ચે તકરાર ચાલતી હોય જેથી હાલની ખોટી ફરિયાદ કરેલ છે. જો કે આરોપીના વિશેષ નિવેદન બાદ બચાવ માં કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. આમ ખરેખર આ કામના આરોપી પક્ષ દ્વારા ફરિયાદી વિરુદ્ધ પોકસો કેસ થયેલ હોવાનો કોઈ જ પુરાવો રજૂ કરેલ નથી. જેની ગેરહાજરી માં પ્રસ્તુત કેસ અને પોકસો કેસને પરસ્પર જોડતી કોઈ કડી છે કે નહીં તેનું તારણ કાઢી શકાય નહીં. એવા સંજોગોમાં એક માત્ર ફરિયાદીની ઊલટ તપાસ માં કરવામાં આવેલ સૂચન ને ધ્યાને લઈ ને એવી ધારણા બાંધી શકાય નહીં કે આરોપી એ કરેલ ફરિયાદથી બચવા માટે ફરિયાદી એ ખોટી હકીકતો ઉપજાવી ને હાલની ફરિયાદ કરેલ છે. ખાસ કરીને જ્યારે ફરિયાદી એ વિશ્વસનીય પુરાવો આપેલ છે જેને અન્ય સાહેદો તથા મેડિકલ પુરાવા નું પણ યોગ્ય સમર્થન પ્રાપ્ત થયેલ છે.

**૨૫.** વધુમાં આરોપી પક્ષ ની એવી પણ દલીલ રહેલ છે કે ફરિયાદી નું ઘર એટલે કે બનાવ નું પ્રથમ સ્થળ એ રહેણાક વિસ્તાર છે ત્યાં અન્ય રહેણાક મકાનો હોવા છતાં પણ તપાસનીશ અમલદાર દ્વારા એવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને જે સાહેદો ના નિવેદનો લેવામાં આવેલ છે અને જેઓને ફરિયાદ પક્ષે સોગંદ પર તપાસેલ છે તે તમામ ફરિયાદી ના સગા અને હિત

ધરાવતા સાક્ષીઓ છે તેઓની જુબાની માની શકાય નહીં. કોઈ પણ કેસ ની તપાસ દરમિયાન કોઈ સાહેદનું નિવેદન લેવાનો નિર્ણય સામાન્ય રીતે તપાસનીશ અમલદાર કરે છે અને તેથી કદાચ પણ કોઈ સાહેદનું નિવેદન લેવામાં ન આવે તો તે તપાસ ની ખામી ગણી શકાય પણ તેનો સીધો લાભ આરોપીને આપવો ઉચિત નથી. આ કામે એક હકીકત નિર્વિવાદ છે કે આક્ષેપિત બનાવમાં ઈજા પામનાર સાહેદ અને આરોપીની બનાવ સ્થળે હાજરી હોવા અંગે કોઈ તકરાર જણાતી નથી. આરોપી પક્ષ તરફે આજુબાજુમાં અન્ય માણસો રહેતા હોવા છતાં પણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેથી પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઊભી થાય છે એવી દલીલ કરેલ છે. પરંતુ આરોપી પક્ષનો એવો બચાવ નથી કે આજુબાજુમાં રહેતા કોઈ વ્યક્તિઓ બનાવ સમયે હાજર હોય અને બનાવ નજરે નિહાળેલ હોય એવી કોઈ હકીકત બચાવપક્ષ તરફથી રજૂ થયેલ નથી એવા સંજોગોમાં બનાવ સમયે આજુબાજુના રહીશો ખરેખર ત્યાં હાજર હતા કે કેમ એવી હકીકત રેકર્ડ પર આવેલ નથી ત્યારે એવા કોઈ સાક્ષીઓના નિવેદનો લેવાનો કે તેઓને સોગંદ પર તપાસવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં તપાસ દરમિયાન પણ એવા કોઈ સાક્ષી હાજર હોય એવું ફલિત થયેલ નથી આમ જો આરોપી પક્ષ એવી તકરાર લેતા હોય તો ત્યાં ખરેખર કોણ હાજર હતું એવી સ્પષ્ટ હકીકત રેકર્ડ પર લાવવી પડે. આમ પણ પુરાવાનું મૂલ્યાંકન કરવા માટે નો પ્રાથમિક સિધાન્ત છે કે એક સામાન્ય બુદ્ધિ ના માણસ ની દ્રષ્ટિ એ પુરાવાની ચકાસણી કરવાની હોય છે એટ્લે કે જયારે બનાવ બનેલ ત્યારે કોઈ સ્વતંત્ર વ્યક્તિ ની ત્યાં હાજરી હોવાનું રેકર્ડ પર આવેલ જ નથી ત્યારે ત્યાં કોઈ માણસની હાજરી હતી એવું અનુમાન રેકર્ડ પરના પુરાવા થી વિરુદ્ધ માં બાંધવું ઉચિત ગણાય નહીં. વધુમાં તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સાક્ષીઓના નિવેદનો લીધેલ નથી કે તેઓને ફરિયાદપક્ષે સાક્ષી તરીકે તપાસેલ નથી તેટલા કારણ માત્રથી ફરિયાદપક્ષે રજૂ થયેલ વિશ્વસનીય પુરાવો શંકાના દાયરામાં આવી જાય નહી. તપાસ કરનાર એજન્સી દ્વારા કોઈ ખામી રાખવામા આવેલ હોય તો

તેનો લાભ આરોપીને આપી શકાય નહિ ખાસ કરીને જ્યારે ઈજા પામનાર સાહેદ કોર્ટ રૂબરૂ માનવાલાયક પુરાવો આપતા હોય જેને અન્ય પુરાવાથી સમર્થન મળતું હોય. આ સંદર્ભે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા **સ્ટેટ ઓફ યુ.પી. વિ. અનિલસિંહ એ.આઈ. આર. ૧૯૮૮ સુપ્રીમ કોર્ટ ૧૯૯૮** ના ચુકાદા માં ઠરાવેલ છે કે;

> *The public are generally reluctant to come forward to depose before the court. It is, therefore, not correct to reject the prosecution version only on the ground that all witnesses to the occurrence have not been examined. Nor it is proper to reject the case for want of corroboration by independent witnesses if the case made out is otherwise true and acceptable.*

**૨૬.** વધુમાં પુરાવાના મૂલ્યાંકનનો મુળભુત સિધાન્ત એવો જ છે કે સાક્ષીઓની કે પુરાવાની સંખ્યા મહત્વની નથી પરંતુ તેની ગુણવતા મહત્વની છે. એટલે કે એક સાક્ષીનો પુરાવો પણ જો વિશ્વાસપાત્ર જણાતો હોય તો તેના આધારે પણ આરોપીને દોષિત ઠરાવી શકાય. પ્રસ્તુત કેસમાં ફરિયાદીને તેના ઘરેથી આ કામના આરોપીઓ બળજબરીપૂર્વક અને તેની મરજી વિરુદ્ધ લઈ ગયેલ હોવાની તેમજ આરોપી નંબર-૨ ના ફાર્મ હાઉસ પર ગોંધી રાખેલ હોવાની અને માર મારેલ હોવાની હકીકત ખુદ ફરિયાદી જણાવે છે અને તે હકીકત અન્ય સાહેદોના સોગંદ પરના પુરાવાથી સમર્થિત થયેલ છે ઉપરાંત ફરિયાદી ને થયેલ ઈજા અંગે ફરિયાદી અને મેડિકલ ઓફિસર ની જુબાનીથી પૂરતું સમર્થન પ્રાપ્ત થાય છે એવા સંજોગોમાં આરોપી પક્ષ ના બચાવ ને ધ્યાન માં લેવામાં આવે તો પણ હાલના કેસમાં ભોગ બનનાર ના પુરાવા ને ધ્યાને લેતા તે વિશ્વસનીય જણાઈ આવે છે. એક સાક્ષી ની જુબાની પણ જો વિશ્વાસ પ્રેરિત કરતી હોય તો તેના પર આધાર રાખી ને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે એટલે કે આરોપી વિરુદ્ધના ગુના ની સાબિતી માટે સાક્ષીની કોઈ ચોક્કસ સંખ્યા આવશ્યક નથી. ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ-૧૩૪ નું અર્થઘટન

કરતાં નામદાર સુપ્રીમ કોર્ટે – **<u>Veer Singh & others V State of UP, (2014) 2 SCC 455</u>**– ના ચુકાદામાં પણ સ્પષ્ટપણે ઠરાવેલ છે કે–

> *"Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity, multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided Under <u>Section 134</u> of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable."*

**૨૭.** વધુમાં નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા **<u>સ્ટેટ ઓફ યુ.પી. વી. નરેશ એન્ડ અધર્સ (૨૦૧૧) ૪ એસસીસી ૩૨૪</u>** ના ચુકાદા માં પણ ઠરાવેલ કે;

> *Mere contradictions on trivial matters could not render his deposition untrustworthy. The evidence of an injured witness must be given due weightage being a stamped witness, thus, his presence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present during the occurrence. Thus, the testimony of an injured witness is accorded a special status in law. The witness would not like or want to let his actual assailant go unpunished merely to implicate a third person falsely for the commission of the offence.*

**૨૮.** આરોપી દ્વારા એવો બચાવ પણ લેવામા આવેલ છે કે ફરિયાદપક્ષ ના સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ છે ઉપરાંત આરોપીપક્ષ દ્વારા સાહેદો ની જુબાની તરફ ધ્યાન દોરેલ છે અને તેમાં રહેલ વિરોધાભાસને મહત્ત્વ આપવા માટે રજૂઆત કરી અને ફરિયાદપક્ષ નો કેસ સાબિત ન થયેલ હોવાની દલીલ કરેલ છે. પરંતુ સાહેદો ની જુબાનીમાં રહેલ એવી વિસંગતતાઓ જયાં સુધી મહત્વના

વિરોધાભાસના સ્વરૂપ માં ન હોય ત્યાં સુધી તેનું વિશેષ મૂલ્ય આંકી શકાય નહી. આમ પણ ગુનાના સ્થળ અથવા તો સમય ની બાબત માં સામાન્ય વિસંગતતાઓ હોય તો તેટલા માત્ર થી માનવાલાયક પુરાવો નષ્ટ થતો નથી અથવા તો સાહેદની વિશ્વસનિયતા ઘટી જતી નથી. ઉપરાંત ગુનો બન્યા બાદ થયેલ ઘટનાક્રમ માં રહેલ વિસંગતતાઓથી પણ ગુનો બનેલ હોવાની હકીકત નજરઅંદાજ કરી શકાય નહીં. અગાઉ નોંધ્યું તેમ દરેક સાહેદ ની ઘટના ને વર્ણન કરવાની પદ્ધતિ અને ક્ષમતા જુદી જુદી હોય છે તેથી બે વ્યક્તિ દ્વારા એક જ ઘટનાનું ભિન્ન વર્ણન કરે પરંતુ તેમાં મૂળભૂત ઘટના માં જો ખાસ કે ગંભીર ફેરફાર ન હોય તો માત્ર સામાન્ય પ્રકાર ની વિસંગતતા થી ફરિયાદપક્ષ ના કેસ ને ખંડિત થયેલ ગણી શકાય નહીં. અંતે માનવા ખાતર એવું માની લેવામાં આવે કે અન્ય સાહેદો વાસ્તવ માં બનાવ નજરે જોયેલ નથી તો એવા સંજોગોમાં પણ ભોગ બનનારની જુબાની ને અવગણી શકાય નહીં. આમ આક્ષેપિત ઘટના ના વર્તુળ માં રહેલ અને ફરિયાદપક્ષ ના મૂળભૂત કેસ ને અસર ન કરતી હકીકતોમાં નજીવી વિસંગતતા કે સામાન્ય વિસંગતતા હોવી સ્વાભાવિક છે તેથી તેના પર આધાર રાખીને સમગ્ર પુરાવો ગેરલાયક ઠરાવી શકાય નહીં. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **સ્ટેટ વિ. સરવનન એ.આઈ.આર. ૨૦૦૯ સુપ્રીમ કોર્ટ ૧૫૨** ના ચુકાદા માં ઠરાવેલ છે કે;

> *While appreciating the evidence of a witness, minor discrepancies on trivial matters without affecting the core of the prosecution case, ought not to prompt the Court to reject evidence in its entirety. Further, on the general tenor of the evidence given by the witness, the trial Court upon appreciation of evidence forms an opinion about the credibility thereof, in the normal circumstances the appellate Court would not be justified to review it once again without justifiable reasons. It is the totality of the situation, which has to be taken note of. Difference in some minor detail, which does not otherwise affect the core of the prosecution case, even if present, that itself would not prompt the Court to reject the evidence on minor variations and discrepancies."*

૨૯. ઉપરાંત આ કામે પ્રથમ ફરિયાદી ને તેના ઘરે થી બળજબરી પૂર્વક ગાડી માં લઈ જવામાં આવેલ છે જેમાં આરોપી નંબર–૧, ૩ અને ૪ અને અન્ય અજાણ્યો ઈસમ હતા પરંતુ ત્યારબાદ ફરિયાદી ને ગોધરા ખાતે આવેલ આરોપી નંબર–૨ ના ફાર્મ હાઉસ પર મૂકીને આરોપી નંબર–૧, ૩ અને ૪ ત્યથી જતાં રહેલ અને ત્યારબાદ આરોપી નંબર–૨ અને તેના ભાઈ અબ્દુલ રજાક સઈદ કલંદર(ચાર્જશીટ ના કૉલમ નંબર–૧૨ માં દર્શાવેલ આરોપી) નાઓએ ફરિયાદી ને માર મારેલ હોવાની હકીકત આંક–૧૬ વાળી ફરિયાદ માંથી ફલિત થાય છે. વધુમાં ફરિયાદી ની ઊલટ તપાસ દરમિયાન પણ ફરિયાદી એવું સ્વીકારે છે કે આરોપી નંબર–૧ એ કોઈ મારફૂટ કરેલ નથી. આમ આ કામે આરોપી નંબર–૧, ૩ અને ૪ વિરુદ્ધ રજૂ થયેલ પુરાવો બારીકાઈ થી ચકાસવામાં આવે તો તેઓએ ફરિયાદી ને કોઈ માર મારેલ હોય કે વ્યથા કે મહવ્યથા પહોંચાડેલ હોય એવી હકીકત જણાઈ આવતી નથી. આમ ફરિયાદી ને થયેલ ઈજાઓ અંગે ફરિયાદ તથા અન્ય સાહેદો નો સોગંદ પર નો પુરાવો તેમજ તેની સાથે મેડિકલ ઓફિસર રૂબરૂ જાહેર કરેલ ઈતિહાસ ધ્યાને લેવામાં આવે તો હનીફ હાજી સઈદ કલંદર અને અબ્દુલ રજાક સઈદ કલંદર એ ફાર્મ હાઉસ પર ફરિયાદી ને માર મારેલ હોવાની હકીકત રેકર્ડ પર ફલિત થાય છે. તેમજ આ કામના આરોપી નંબર–૧, ૩ અને ૪ દ્વારા ફરિયાદી ને ઈજા પહોંચાડેલ હોય એવી હકીકત ફરિયાદી સોગંદ પર પણ જણાવેલ નથી. ઉપરાંત આ કામના આરોપી નંબર–૧, ૩ અને ૪ વાળા ફરિયાદી ને તેના ઘરે થી બળજબરી પૂર્વક અપનયન કરી ને લઈ ગયા બાદ આરોપી નંબર–૨ ના ફાર્મ હાઉસ પર મૂકીને જતાં રહેલ હોવાનું પુરાવો ખુદ ભોગ બનનાર આપે છે અને ત્યારબાદ તેઓ પરત ફાર્મ હાઉસ પર આવેલ હોય કે ફરિયાદી ને ગોંધી રાખવા માટે કોઈ કૃત્ય કરેલ હોય કે કોઈ ઈજા પહોંચાડેલ હોય એવો લેશ માત્ર પુરાવો રેકર્ડ પર ફલિત થતો નથી. અર્થાત ફરિયાદી ને તા. ૦૭/૧૧/૨૦૨૨ થી તા ૧૨/૧૧/૨૦૨૨ સુધી અટકાયત માં રાખવા તેમજ તે દરમિયાન

વ્યથા અને મહાવ્યથા પહોંચાડવાના આક્ષેપો પણ આરોપી નંબર-૨ અને ચાર્જશીટ ના કૉલમ નંબર-૧૨ માં દર્શાવેલ આરોપી વિરુદ્ધ સીમિત હોવાનું સ્પષ્ટ છે. એવા સંજોગોમાં આ કામના આરોપીઓ નંબર-૧,૩ અને ૪ ને ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૪૩ અને ૩૨૫ ના ગુના માટે દોષિત ઠરાવી શકાય એવો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર મૂકી શકેલ નથી.

૩૦. વધુમાં આ કામના આરોપીઓએ જાહેર સુલેહ શાંતિ નો ભંગ થાય એવા પ્રકાર ની ઉશ્કેરણી માટે કોઈ શબ્દો બોલેલ હોય કે કોઈ કૃત્ય કરેલ હોય એવો પુરાવો રેકર્ડ પર આવેલ જણાતો નથી. ઉપરાંત આરોપીઓએ ફરિયાદી ને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય એવી હકીકત રેકર્ડ પર સ્થાપિત થતી નથી. આરોપી દ્વારા ચોક્કસ કેવા શબ્દો ઉચ્ચારેલ એવી સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવેલ નથી. ભારતીય ફોજદારી ધારાની કલમ-૫૦૬ હેઠળ ના ગુનાના આવશ્યક તત્ત્વોની હાજરીના અભાવે સદર ગુનો સાબિત થાય નહીં જે સંદર્ભે નામ. ગુજરાત હાઇ કોર્ટ ના ચુકાદા (**<u>પ્રવીણભાઈ બેચરભાઈ વણકર વી. ગુજરાત રાજ્ય ૨૦૦૭ (૧) જી.એલ.એચ. ૩૩૭</u>** ) માં એવું ઠરાવેલ છે કે કલમ-૫૦૬ અનુસંધાને પણ માત્ર ભય ઉત્પન્ન કરવો પૂરતો નથી પરંતુ એવો ભય એ ફરિયાદી માટે અલાર્મિંગ હોવો જોઈએ તેમજ ફરિયાદી ને પોતાનું રોજીંદુ કામ કરતાં અટકાવે એવો હોવો જોઈએ. આમ સદર કલમમાં રહેલ આવશ્યક તત્ત્વો સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોવાનું મારૂ નમ્ર પણે માનવું છે.

૩૧. આમ ઉપરોક્ત કરેલ ચર્ચા ના આધારે હું એવા તારણ પર આવું છું કે આરોપીઓએ એકબીજાની મદદગારીમાં આ કામના ફરિયાદી/ભોગ બનનારને તેની ઈચ્છા વિરુદ્ધ બળજબરીપૂર્વક તેને લઈ જઇ અપનયન કરેલ હોવાની તેમજ વ્યથા કરેલ હોવાની હકીકત શંકાથી પર સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે. પરિણામે આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દા નંબર-૧ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવી મુદ્દા નંબર-૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું.

## **ORDER**

**૧.** ફોજદારી કાર્યરિતી સંહિતા ની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના **આરોપીઓ નંબર– (૧) ફારૂખ હમીદ અસલા ઉર્ફે અસ્લા**, રહે. સાતપુલ, અકશાશ મસ્જીદ ની સામે ગોધરા તા. ગોધરા, જી. પંચમહાલ, **(૩) સુહીમ ઉર્ફે સુલેમાન અબ્દુલ કરીમ બદામ**, રહે.ગેની પ્લોટ, નદી કિનારે, વેજલપુર રોડ, ગોધરા તા. ગોધરા, જી. પંચમહાલ, **(૪) ઈકબાલ અસલમ ચુંચલા**, રહે.મુસ્લિમ સોસાયટી, સાતપુલ, ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ વાળા ઓને ઈન્ડિયન પીનલ કોડ ની કલમ–૩૪૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) હેઠળના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ફોજદારી કાર્યરિતી સંહિતા ની કલમ–૨૪૮(૨) અન્વયે આ કામના **આરોપી નંબર– (૧)ફારૂખ હમીદ અસલા ઉર્ફે અસ્લા**, રહે. સાતપુલ, અકશાશ મસ્જીદ ની સામે ગોધરા તા. ગોધરા, જી. પંચમહાલ, **(૩) સુહીમ ઉર્ફે સુલેમાન અબ્દુલ કરીમ બદામ**, રહે.ગેની પ્લોટ, નદી કિનારે, વેજલપુર રોડ, ગોધરા તા. ગોધરા, જી. પંચમહાલ, **(૪) ઈકબાલ અસલમ ચુંચલા**, રહે.મુસ્લિમ સોસાયટી, સાતપુલ, ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ વાળાઓને ઈન્ડિયન પીનલ કોડ ની કલમ– ૩૬૫, ૩૨૩, ૧૧૪ હેઠળના ગુના માટે દોષિત ઠરાવવામાં આવે છે.

***આ કામના આરોપીઓને દોષિત ઠરાવેલ હોય સજા અંગે સાંભળવા માટે મુલતવી.***

Date : 17-07-2026

(**DR. TUSHAR R. GHONIYA**)
PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C
SANJELI, DAHOD
GJ01561.

**સજા અંગે સાંભળ્યા.**

- આરોપી તરફે દલીલ કરેલ છે કે હાલના આરોપીનો પ્રસ્તુત કેસ મુજબ પ્રથમ ગુનો છે અગાઉ કોઈ ગુનો કરેલ નથી તેમજ આરોપીઓ મધ્યમ વર્ગના છૂટક વેપાર અને મજૂરી કરનાર માણસો છે તેમના પર પૂરા કુટુંબ ની જવાબદારી આવેલ છે. આરોપીઓની ઉમર હાલમાં અનુક્રમે ૭૧, ૩૯ અને ૪૦ વર્ષ ની છે. આરોપીને સજાની આધુનિક વિચારસરણીનો લાભ આપવો જોઈએ જેથી આરોપી એક સારા નાગરિક તરીકે સમાજમાં રહીને પોતાનું જીવન વિતાવી શકે. આરોપીઓ ૭ વર્ષ ની સજાને પાત્ર ગુના માટે દોષિત ઠરેલ હોય આરોપીને પ્રોબેશનનો લાભ પ્રદાન કરવા માટે અરજ ગુજારેલ છે અને વિકલ્પે આરોપીને લઘુત્તમ સજા કરવા અરજ કરેલ છે.

- સામાપક્ષે વિ. એ.પી.પી. શ્રી દલીલ કરતાં જણાવે છે કે આરોપીએ કરેલ ગુનાની હકીકતો અને પરિસ્થિતી તેમજ ફરિયાદીને તેના ઘરેથી લઈ જઇ કાયદાના ડર વગર ગુનો આચરેલ હોય જે હકીકત ધ્યાને લેતા આરોપીઓનું વર્તન ખાસ લક્ષમાં લેવું જોઈએ અને આરોપીઓને પ્રોબેશનનો લાભ આપી શકાય નહિ. નહિતર સમાજ માં ગુનો કરનાર તત્વો ને વધુ પ્રેરણા મળશે. આમ ગુનાનો પ્રકાર અને ગંભીરતા જોતાં મહત્તમ સજા થવી જોઈએ.

- કોઈ પણ કેસમાં સજા કરતી વખતે અદાલતે કઈ–કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે અંગેના પરિમાણો બહુ જ સ્પષ્ટ છે જેમાં આરોપીનો પૂર્વ ગુનાહિત ઈતિહાસ–આરોપીનું ચરિત્ર–આરોપીની ઉમર–ગુનાનો પ્રકાર અને ગંભીરતા તેમજ ગુનો બનવાના સંજોગો વિગેરે હકીકતો લક્ષમાં લેતા હાલના આરોપીઓએ ફરિયાદીને તેના ઘરેથી ગેરકાયદેસર રીતે તેની ઈચ્છા અને મરજી વિરુદ્ધ બળજબરી પૂર્વક ગાડી માં લઈ જઈ ગુનો આચરેલ છે. આમ આરોપીઓને કાયદાનો ડર ન હોય એવી રીતે આરોપીઓએ હાલનો ગુનો કરેલ છે તેથી જો આવા પ્રકાર ના કેસ માં આરોપીઓને પ્રોબેશન નો લાભ આપવામાં આવે તો સમાજ પર ચોક્કસ પણે તેની વિપરીત અસર થશે જેને આ તબક્કે નજર અંદાજ કરી શકાય નહીં. પરંતુ આરોપી વિરુદ્ધ અગાઉ કોઈ ગુના

નોંધાયેલ હોય એવું પણ રેકર્ડ પરથી જણાઈ આવતું નથી આમ આરોપીઓનો કોઈ જ ગુનાહિત ઈતિહાસ નથી અને તેઓનો આ પ્રથમ વખત નો ગુનો છે. વધુમાં આરોપીઓની ઉમર ધ્યાને લેવામાં આવે તો હાલમાં તેઓ અલગ અલગ ઉમર ના છે પણ તેઓ ઉપર કુટુંબ ના ભરણપોષણ ની જવાબદારી પણ રહેલ છે. આમ તમામ હકીકતો અને આરોપીઓની ઉમર અને સ્થિતિ અંગેના ખાસ સંજોગો લક્ષમાં લેતા આરોપીઓને મહત્તમ સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે નહીં અને તેનાથી વિપરીત આરોપીઓને પ્રમાણસર સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે એવું મારુ નમ્રપણે માનવું છે. સબબ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:-

## FINAL ORDER

૧. આ કામના **આરોપી નંબર- (૧) ફારૂખ હમીદ અસલા ઉર્ફે અસ્લા**, રહે. સાતપુલ, અકશાશ મસ્જીદ ની સામે ગોધરા તા. ગોધરા, જી. પંચમહાલ, **(૩) સુલીમ ઉર્ફે સુલેમાન અબ્દુલ કરીમ બદામ**, રહે.ગેની પ્લોટ, નદી કિનારે, વેજલપુર રોડ, ગોધરા તા. ગોધરા, જી. પંચમહાલ, **(૪) ઇકબાલ અસલમ ચુંચલા**, રહે.મુસ્લિમ સોસાયટી, સાતપુલ, ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ વાળાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડ ની કલમ-૨૪૮(૨) અન્વયે દોષિત ઠરાવી **પ્રત્યેક** આરોપીને-

**(એ) ઇન્ડિયન પીનલ કોડની કલમ-૩૬૫** સાથે વાંચતાં **કલમ-૧૧૪** હેઠળના ગુના માટે **૩ વર્ષ ની સાદી કેદ** ની તેમજ **રૂ.૧૦૦૦/-** (અંકે રૂપિયા એક હજાર પૂરા) **દંડ** ની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ **૬ માસની સાદી કેદ** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ

**(બી) ઇન્ડિયન પીનલ કોડની કલમ-૩૨૩** સાથે વાંચતાં **કલમ-૧૧૪** હેઠળના ગુના માટે **૬ માસ ની સાદી કેદ** ની સજા કરવામાં આવે છે,

૨. પ્રત્યેક આરોપીએ ઉપરોક્ત **કેદની સજા એકી–સાથે** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓએ ટ્રાયલ દરમિયાન જો કોઈ સમયગાળો કેદમાં વિતાવેલ હોય તે ક્રિમિનલ પ્રોસીઝર કોડ ની **કલમ–૪૨૮** હેઠળ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. ક્રિમિનલ પ્રોસીઝર કોડ ની કલમ ૩૬૩ અન્વયે ચુકાદાની એક નકલ પ્રત્યેક આરોપીને વિના મૂલ્યે પૂરી પાડવી.

૫. આ કામના **આરોપી નંબર– (૨) મોહમ્મદ હનીફ અહેમદ સઈદ કલંદર,** રહે. મોહમ્મદી સોસાયટી, વેજલપુર રોડ, ગોધરા તા. ગોધરા, જી. પંચમહાલ વાળા વિરુદ્ધ તા. ૧૩/૦૨/૨૦૨૬ ના રોજ **આંક–૮૨** હેઠળ થયેલ હુકમ મુજબ આરોપી નંબર–૨ નો કેસ અલગ કરી અને તેના વિરુદ્ધ બિન–મુદતી વોરન્ટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે જેની બજવણી થયેથી તેના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ફરિયાદપક્ષ કાયદા અનુસાર પ્રક્રિયા અનુસરી શકશે.

***ચુકાદો આજરોજ તારીખ ૧૭ મી જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.***

Date : 17-07-2026

(**DR. TUSHAR R. GHONIYA**)
PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C
SANJELI, DAHOD
GJ01561.

Visit **ecourts.gov.in** for updates or download mobile app “**eCourts Services**” from Android or iOS